©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII ] THURSDAY, JANUARY 15, 2026 / PAUSHA 25, 1947 [ No. 03

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-C

**Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.**

**BY THE HIGH COURT OF GUJARAT AT SOLA, AHMEDABAD**

**NOTIFICATION**

**No.C. 0305/2025**

In exercise of powers conferred by Section 16 (2) of the Advocates Act, 1961 read with the High Court of Gujarat (Designation of Senior Advocates) Rules, 2025, the Hon'ble the Chief Justice and Hon'ble Judges of the High Court of Gujarat in the Full Court Meeting held on 08th January, 2026, have unanimously resolved to designate the following Advocates as Senior Advocate from the date of this Notification :

| Sr. No. | Name of the Designated Senior Advocate | Enrollment No. |
|---|---|---|
| 1. | Mr. Amar Niranjan Bhatt | G/647/1988 |
| 2. | Mr. Apurva Sharad Vakil | G/78/1989 |
| 3. | Ms. Megha Bhupendra Jani | G/544/1993 |
| 4. | Mr. Mitul Kirit Shelat | G/3357/1999 |

By Order of the High Court

**SANJAY D. SUTHAR,**

Registrar General.

Date : January 9th, 2026.

**કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી**

**જાહેરનામું**

જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર, ૯મી જાન્યુઆરી, ૨૦૨૬

**વંચાણમાં લીધુઃ-**

૧. પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરની કચેરીના તા.૦૮/૦૧/૨૦૨૬ ના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/નો.પા/જા.નામું/૨૫૧/૨૦૨૬

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩મુજબનું જાહેરનામું (ખ)(૧)**

**નં :ડીસી/જાહેરનામું/વશી.૧૫૦ થી ૧૮૮/૨૦૨૬-:** પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરની કચેરીના આમુખ-(૧) ના પત્રમાં જણાવ્યાનુસાર આગામી તા.૧૧-૧૨/૦૧/૨૦૨૬ ના રોજ ભારતના માન.વડાપ્રધાનશ્રીનાઓ ગાંધીનગર ખાતેના લોકભવન તથા મહાત્મા મંદિર ખાતેના વિવિધ કાર્યક્રમોમાં પધારનાર હોય, માન. વડાપ્રધાનશ્રીનાઓ એસ.પી.જી. સુરક્ષા કેટેગરી ધરાવતા હોય, મહાનુભાવશ્રીનાઓની સલામતીને ધ્યાને રાખી કાયદો અને વ્યવસ્થા તેમજ ટ્રાફીક/પાર્કિંગ નિયમન જળવાય તે સારુ નીચે જણાવ્યા મુજબના રોડ ઉપર તા.૧૧-૧૨/૦૧/૨૦૨૬ ના રોજ વાહન "નો-પાર્કિંગ ઝોન" અંગેનું જાહેરનામું અમલમાં રહે તે રીતે પ્રસિદ્ધ કરવા વિનંતી કરેલ છે.

ઉક્ત વિગતે નીચે જણાવેલ જગ્યાએ તથા ઉક્ત સમયગાળા દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે સારૂ જાહેર હિતમાં હું મેહુલ કે. દવે આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) થી મળેલ સત્તાની રૂએ નીચે દર્શાવ્યા મુજબની વિગતે નો-પાર્કિંગ ઝોન જાહેર કરવા આથી હુકમ કરું છું.

**નો પાર્કિંગ ઝોન**

- અપોલો સર્કલથી સીધા ચ-૦ સર્કલ થઇ જ-રોડ, અક્ષરધામ ચાર રસ્તા સુધીનો આવતા-જતા બન્ને તરફનો મુખ્ય માર્ગ તથા સર્વિસ રોડ તેમજ મુખ્ય માર્ગથી ૫૦ મીટરના અંતર સુધીનો વિસ્તાર (તા.૧૧/૦૧/૨૦૨૬ ના કલાક ૧૪/૦૦ થી તા.૧૨/૦૧/૨૦૨૬ ના કલાક ૧૬/૦૦ સુધી)
- મહાત્મા મંદીરથી સેક્ટર-૧૫ વિજ્ઞાન કોલેજના ખૂણેથી ટાઉનહોલ તરફ જતો સેન્ટ્રલ વિસ્ટા રોડ, એક્ઝિબિશન ગેટ નં.૯ આગળ થઇ અભિલેખાગાર કટ, ચ-રોડ સુધીનો આવતા-જતા બન્ને તરફનો સેન્ટ્રલ વિસ્ટા રોડ તથા રોડથી ૫૦ મીટરના અંતર સુધીનો વિસ્તાર (તા.૧૨/૦૧/૨૦૨૬ ના કલાક ૦૮/૦૦ થી કલાક ૧૬/૦૦ સુધી)
- મહાત્મા મંદીરથી સેક્ટર-૧૩ના ખૂણેથી ઉદ્યોગભવન તરફ જતો સેન્ટ્રલ વિસ્ટા રોડ, એલ.આઇ.સી. કટ થઇ બી.એસ.એન.એલ. કટ થી ચ-રોડ, ચ-૩ સર્કલ, ચ-૨ સર્કલ થઇ ચ-૦ સર્કલ થઇ અપોલો સર્કલ સુધીનો આવતા-જતા બન્ને તરફનો સેન્ટ્રલ વિસ્ટા રોડ તથા મુખ્ય રોડ, સર્વિસ રોડ તથા ૫૦ મીટરના અંતર સુધીનો વિસ્તાર (તા.૧૨/૦૧/૨૦૨૬ ના કલાક ૧૦/૦૦ થી કલાક ૧૬/૦૦ સુધી)

ફરજ પરના સરકારી અધિકારીઓ/કર્મચારીઓના વાહનોને તથા એમ્બ્યુલન્સ આ જોગવાઇને લાગુ પડશે નહી.

વધુમાં, હું એવો આદેશ કરું છું કે, આ હુકમને સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવો તથા સદરહુ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોંટાડી અને વિસ્તારમાં ઢંઢેરો પીટીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત કરી સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની પ્રસિદ્ધિ કરાવવાની રહેશે.

સદરહું હુકમ/જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ તથા ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે. આ હુકમમાં ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતાં હે.કોન્સ. કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૯/૦૧/૨૦૨૬ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યો.

**મેહુલ કે. દવે,**
જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

----------

**કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી**

**જાહેરનામું**

જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર, ૯મી જાન્યુઆરી, ૨૦૨૬

**વંચાણમાં લીધુઃ-**

૧. પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરની કચેરીના તા.૦૮/૦૧/૨૦૨૬ના પત્ર ક્રમાંક: એલઆઈબી/પી.એમ./જા.નામું/૨૫૦/૨૦૨૬

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબનું જાહેરનામું**

**નં વશી ૧૮૯ થી/જાહેરનામું/ડીસી.૨૨૭-:૨૦૨૬/** પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરની કચેરીના આમુખ-(૧) ના પત્રમાં જણાવ્યાનુસાર આગામી તા.૧૧-૧૨/૦૧/૨૦૨૬ ના રોજ ભારતના માન.વડાપ્રધાનશ્રીનાઓ ગાંધીનગર ખાતેના લોકભવન તથા મહાત્મા મંદિર ખાતેના વિવિધ કાર્યક્રમોમાં પધારનાર હોય, માન.વડાપ્રધાનશ્રીનાઓ એસ.પી.જી. સુરક્ષા કેટેગરી ધરાવતા હોય, મહાનુભાવશ્રીનાઓની સલામતીને ધ્યાને રાખી કાયદો અને વ્યવસ્થા

તેમજ ટ્રાફીક/પાર્કિંગ નિયમન જળવાય તે સારુ નીચે જણાવ્યા મુજબના રોડ ઉપર તા.૧૧/૦૧/૨૦૨૬ ના કલાક ૧૪:૦૦ થી તા.૧૨/૦૧/૨૦૨૬ ના કલાક ૧૬:૦૦ સુધી "ભારે વાહનો પ્રવેશ પ્રતિબંધ" અંગેનું જાહેરનામું અમલમાં રહે તે રીતે પ્રસિદ્ધ કરવા વિનંતી કરેલ છે.

ઉક્ત વિગતે નીચે જણાવેલ જગ્યાએ તથા ઉક્ત સમયગાળા દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે સારૂં જાહેર હિતમાં હું મેહુલ કે.દવે આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) થી મળેલ સત્તાની રૂએ નીચે દર્શાવ્યા મુજબની વિગતે તા.૧૧/૦૧/૨૦૨૬ના કલાક ૧૪:૦૦ થી તા.૧૨/૦૧/૨૦૨૬ના કલાક ૧૬:૦૦ સુધી "ભારે વાહનો પ્રવેશ પ્રતિબંધ" કરવા આથી હુકમ કરું છું.

**ભારે વાહનો પ્રવેશ પ્રતિબંધ**

- અપોલો સર્કલથી કોબા સર્કલ થઇ ભઇજીપુરા ચાર રસ્તાથી ચ-૦ સર્કલ થઇ જ-રોડ, સરીતા ઉદ્યાન થઇ સેક્ટર-૩૦ સર્કલ સુધીનો બન્ને તરફનો રોડ તા.૧૧/૦૧/૨૦૨૬ના કલાક ૧૪:૦૦ થી તા.૧૨/૦૧/૨૦૨૬ના કલાક ૧૬:૦૦ સુધી ભારે વાહનો પ્રવેશ પ્રતિબંધિત રહેશે.

**વૈકલ્પિક માર્ગ**

- અપોલો-તપોવન સર્કલથી ગાંધીનગર તરફ આવતા વાહન ચાલકો ઝુંડાલ બ્રિજ થઇ બાલાપીર સર્કલથી સીધા ઉવારસદ બ્રિજ નીચેથી સીધા ઉવારસદ ગામ, વાવોલ ગામ, ક-રોડ, ક-૭ ત્રણ રસ્તા, રોડ નં.૭ થી પ્રવેશ કરી શકશે.
- ચિલોડા થી ગાંધીનગર થઇ અમદાવાદ તરફ જતા ભારે વાહનો સે. ૩૦ સર્કલ થી રોડ નં.૭ પર ક-૭, ક-રોડ વાવોલ ગામ, ઉવારસદ ગામ થઇ ઉવારસદ બ્રિજ નીચે થઇ એસ.જી. હાઇવે તથા ઝુંડાલ તરફ એસ.પી. રીંગરોડ પર પ્રવેશ કરી શકશે.

ફરજ પરના સરકારી અધિકારીઓ/કર્મચારીઓના વાહનોને તથા એમ્બ્યુલન્સ આ જોગવાઇને લાગુ પડશે નહી.

વધુમાં, હું એવો આદેશ કરું છું કે, આ હુકમને સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવો તથા સદરહુ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોંટાડી અને વિસ્તારમાં ઢંઢેરો પીટીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત કરી સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની પ્રસિદ્ધિ કરાવવાની રહેશે.

સદરહું હુકમ/જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે. આ હુકમમાં ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતાં હે.કોન્સ. કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૯/૦૧/૨૦૨૬ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યો.

**મેહુલ કે. દવે,**
જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

----------

**કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી**

**જાહેરનામું**

જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર, ૯મી જાન્યુઆરી, ૨૦૨૬

**વંચાણમાં લીધુ:-**

૧. પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરની કચેરીના તા.૦૮/૦૧/૨૦૨૬ના પત્ર ક્રમાંક: એલઆઈબી/પી.એમ/પ્રવેશ પ્રતિ જા.નામું/૨૪૯/૨૦૨૬

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબનું જાહેરનામું**

**નં વશી ૨૨૮ થી/જાહેરનામું/ડીસી.૨૬૬૨૦૨૬/:-** પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરની કચેરીના આમુખ-(૧) ના પત્રમાં જણાવ્યાનુસાર આગામી તા.૧૧-૧૨/૦૧/૨૦૨૬ના રોજ ભારતના માન.વડાપ્રધાનશ્રીનાઓ ગાંધીનગર ખાતેના લોકભવન તથા મહાત્મા મંદિર ખાતેના વિવિધ કાર્યક્રમોમાં પધારનાર હોય, માન.વડાપ્રધાનશ્રીનાઓ એસ.પી.જી. સુરક્ષા કેટેગરી ધરાવતા હોય, મહાનુભાવશ્રીનાઓની સલામતીને ધ્યાને રાખી કાયદો અને વ્યવસ્થા તેમજ ટ્રાફીક/પાર્કિંગ નિયમન જળવાય તે સારુ નીચે જણાવ્યા મુજબના રોડ ઉપર તા.૧૧/૦૧/૨૦૨૬ના કલાક ૧૪:૦૦ થી તા.૧૨/૦૧/૨૦૨૬ ના કલાક ૧૦:૦૦ સુધી "જાહેર જનતા માટે પ્રવેશ પ્રતિબંધ" અંગેનું જાહેરનામું અમલમાં રહે તે રીતે પ્રસિદ્ધ કરવા વિનંતી કરેલ છે.

ઉક્ત વિગતે નીચે જણાવેલ જગ્યાએ તથા ઉક્ત સમયગાળા દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે સારૂં જાહેર હિતમાં હું મેહુલ કે. દવે આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) થી મળેલ સત્તાની રૂએ નીચે જણાવ્યા મુજબના રોડ ઉપર તા.૧૧/૦૧/૨૦૨૬ના કલાક ૧૪:૦૦ થી તા.૧૨/૦૧/૨૦૨૬ના કલાક ૧૦:૦૦ સુધી "જાહેર જનતા માટે પ્રવેશ પ્રતિબંધ" કરવા આથી હુકમ કરું છું.

**જાહેર જનતા માટે પ્રવેશ પ્રતિબંધ**

**(એમ્બ્યુલન્સ સ્કૂલ વાહન, દૂધ વાહન તેમજ ઈમરજન્સી ફરજ સિવાયના વાહનો માટે)**

- ચ-૦ સર્કલ થી સે-૩૦ સર્કલ સુધીનો જ-રોડ જાહેર જનતા માટે પ્રવેશ પ્રતિબંધીત રહેશે. (તા.૧૧/૦૧/૨૦૨૬ના કલાક ૧૪:૦૦ થી તા.૧૨/૦૧/૨૦૨૬ના કલાક ૧૦:૦૦)
- **- વૈકલ્પિક માર્ગ :-** ચ-૦ સર્કલ થી ચ-રોડ થઇ ચ-૭ થી સે-૩૦ સર્કલ તરફ પ્રવેશ કરી શકાશે.
- **- વૈકલ્પિક માર્ગ :-** સે-૩૦ સર્કલ થી રોડ નંબર-૭ થઇ ચ-રોડ તરફ પ્રવેશ કરી શકાશે.
- ક-રોડ થી હોટલ લીલા થઇ અન્ડરપાસ થઈ ખ-રોડ સેક્ટર-૧૩ રેલ્વેસ્ટેશન ચોકડી સુધીનો રોડ જાહેર જનતા માટે પ્રવેશ પ્રતિબંધીત રહેશે. (તા.૧૨/૦૧/૨૦૨૬ના કલાક ૦૬:૦૦ થી કલાક ૧૬:૦૦ સુધી)
- **- વૈકલ્પિક માર્ગ :-** વાવોલ થી ક-રોડ, ક-૫ સર્કલ, થઇ ક-૬ સર્કલ (જી.આઇ.ડી.સી. સર્કલ) થી રોડ નં.-૬ થઇ ગાંધીનગરમાં પ્રવેશ કરી શકાશે.
- **- અપવાદ :-** રેલ્વે મુસાફરી માટે આવતી જાહેર જનતાને મુક્તિ આપવા આવે છે.
- ખ-૩ સર્કલથી સાંઇ ચાર રસ્તા (મહાત્મા મંદીર) સુધી મુખ્ય રોડ જાહેર જનતા માટે પ્રવેશ પ્રતિબંધીત રહેશે. (તા.૧૨/૦૧/૨૦૨૬ના કલાક ૦૬:૦૦ થી કલાક ૧૬:૦૦ સુધી).
- **- વૈકલ્પિક માર્ગ :-** ખ-૩ સર્કલથી મહાત્મા મંદીર તરફ જતો વાહન વ્યવહાર ખ-૩ સર્કલથી જમણી બાજુ વળી ગ-૩ તરફ પ્રવેશ કરી શકાશે.

ફરજ પરના સરકારી અધિકારીઓ/કર્મચારીઓના વાહનોને આ જોગવાઇને લાગુ પડશે નહી.

વધુમાં, હું એવો આદેશ કરું છું કે, આ હુકમને સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવો તથા સદરહુ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોંટાડી અને વિસ્તારમાં ઢંઢેરો પીટીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત કરી સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની પ્રસિદ્ધિ કરાવવાની રહેશે.

સદરહું હુકમ/જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે. આ હુકમમાં ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતાં હે.કોન્સ. કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૯/૦૧/૨૦૨૬ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યો.

**મેહુલ કે. દવે,**
જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

----------

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.15 16:37:12 IST